# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે વર્ષ 2026ના નાગરિક સન્માન સમારોહમાં 66 પદ્મ પુરસ્કારો એનાયત કરશે.

3) ડૉ. એસ. જયશંકર આજે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે દ્વિપક્ષીય બેઠક કરશે.

4) અમેરિકાએ ઇઝરાયલ અને અન્ય સહયોગીઓ સાથે હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા અંગે વાટાઘાટો કરી.

5) IPL ક્રિકેટમાં દિલ્હી કેપિટલ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને 40 રને હરાવ્યું

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# FUEL PRICE HIKE

પેટ્રોલના ભાવમાં આજે પ્રતિ લિટર 2 રૂપિયા 61 પૈસાનો જ્યારે ડીઝલના ભાવમાં 2 રૂપિયા 71 પૈસાનો વધારો કરાયો છે. બે અઠવાડિયામાં આ ચોથો વધારો છે. આ સાથે, દિલ્હીમાં પેટ્રોલનો ભાવ 102 રૂપિયા 12 પૈસા પ્રતિ લિટર, જ્યારે ડીઝલનો ભાવ 95 રૂપિયા 20 પૈસા પ્રતિ લિટર થયો છે.

# PRESIDENT'S PADMA AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાનાર 2026 માટેના નાગરિક સન્માન સમારોહમાં 66 પદ્મ પુરસ્કારો પ્રદાન કરશે. ઉપરાષ્ટ્રપતિ સી.પી રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક મહાનુભવો ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રપતિ બે પદ્મ વિભૂષણ, છ પદ્મ ભૂષણ અને 58 પદ્મ શ્રી પુરસ્કારો એનાયત કરશે. વર્ષ 2026 માટે, રાષ્ટ્રપતિએ 131 પદ્મ પુરસ્કારોની મંજૂરી આપી છે જેમાં પાંચ પદ્મ વિભૂષણ, 13 પદ્મ ભૂષણ અને 113 પદ્મ શ્રી પુરસ્કારોનો સમાવેશ થાય છે.

ગુજરાતમાંથી સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે રતિલાલ બોરીસાગર, કળા ક્ષેત્રે ઢોલવાદક મીર હાજી કાસમ, અભિનેતા અરવિંદ વૈદ્ય અને આખ્યાનકાર ધાર્મિકલાલ પંડયાને પદ્મ શ્રી એનાયત કરાશે. આ ઉપરાંત સમાજસેવા ક્ષેત્રે નીલેશ વિનોદચંદ્ર માન્ડલેવાલાને પણ પદ્મશ્રીથી સન્માનિત કરાશે.

દર વર્ષે પ્રજાસત્તાક દિવસે આ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવે છે. કલા, સામાજિક કાર્ય, જાહેર બાબતો, વિજ્ઞાન અને ઇજનેરી, વેપાર અને ઉદ્યોગ, દવા, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત, નાગરિક સેવા વગેરે - વિવિધ ક્ષેત્રોમાં પ્રતિષ્ઠિત નાગરિક સન્માન આપવામાં આવે છે.

## MARCO RUBIO JAISHANKAR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. તેઓ પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે. સચિવ રુબિયો ગઈકાલે ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા માટે ચાર દિવસની મુલાકાતે ભારત પહોંચ્યા હતા. તેઓ ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા હતા. વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગમાં સતત પ્રગતિ વિશે માહિતી આપી હતી.

સચિવ રુબિયોએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ સહિત વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર અમેરિકાનો દ્રષ્ટિકોણ શેર કર્યો. તેમણે ભારતને અમેરિકાનો મહત્વપૂર્ણ ભાગીદાર ગણાવ્યું

શ્રી રુબિયોની ચાર દિવસની ભારત મુલાકાત દરમિયાન અમેરિકન રાષ્ટ્રપતિની આ પ્રતિક્રિયા આવી હતી. શ્રી રુબિયો શનિવારે પ્રધાનમંત્રી મોદીને મળ્યા હતા, ત્યારબાદ ગઈકાલે વિદેશ પ્રધાન એસ જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે તેમની મુલાકાત થઈ હતી.

## BYTE: S. JAISHANKAR

# AMERICA TRUMP

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલ અને અન્ય સહયોગીઓ સાથે વાતચીત કર્યા પછી, હોર્મુંઝ સ્ટ્રેટ ખોલવા સહિત ઇરાન સાથેના સોદા પર મોટાભાગે વાટાઘાટો કરવામાં આવી છે. તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર પ્રગતિની જાહેરાત કરી છે

સાંભળીએ એક અહેવાલ..

## VC- CHANDRASHEKHAR

ઇરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બકાઇએ અગાઉ સરકારી ટેલિવિઝનને જણાવ્યું હતું કે છેલ્લા અઠવાડિયામાં અમેરિકા અને ઈરાની સ્થિતિ એકરૂપ થઈ રહી છે, પરંતુ ચેતવણી આપી હતી કે તેનો અર્થ એ નથી કે મુખ્ય મુદ્દાઓ પર કરાર થશે.

# AMIT SHAH

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે સરકારે સમાન નાગરિક સંહિતાના કાર્યક્ષેત્રમાંથી તમામ આદિવાસી સમુદાયોને બાકાત રાખવા માટે ખાસ જોગવાઈઓ કરી છે. તેનો ઉદ્દેશ્ય તેમના અધિકારોનું સંપૂર્ણ રક્ષણ કરવાનો છે.

નવી દિલ્હીમાં એક આદિવાસી સાંસ્કૃતિક મેળાવડાને સંબોધતા ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે.....

**BYTE: AMIT SHAH**

# PIYUSH GOYEL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ ગઈકાલે નવી દિલ્હીમાં બોઇંગ કંપનીના વૈશ્વિક નિયમો અને પોલિસી સંચાલન કરનાર નાયબ મુખ્ય પ્રધાન જેફ શોકીને મળ્યા હતા.

શ્રી ગોયલે જણાવ્યું કે બેઠક દરમિયાન બંને પક્ષોએ ઉડ્ડયન અને એરોસ્પેસ ઉત્પાદનમાં ભારત-અમેરિકા સહયોગને આગળ વધારવાના ની સાથે આ બેઠકમાં જાળવણી, સમારકામ અને અનેક તકો વિકસાવવા, કૌશલ્ય, સપ્લાય ચેઇન, નવીનતા અને વિશ્વસનીય વૈશ્વિક ઉત્પાદન અને એન્જિનિયરિંગ હબ તરીકે ભારતની ભૂમિકા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરતી ચર્ચાઓ પણ કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## G RAM G

**સરકારે,વ્યાપક જાહેર પરામર્શ માટે VB-G RAM G અધિનિયમ, 2025 હેઠળ ડ્રાફ્ટ નિયમો પ્રકાશિત કર્યા છે.**

**સાંભળીએ એક અહેવાલ..**

## VC: AKSHIT

**ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું કે કોઈપણ વ્યક્તિ, હિસ્સેદાર, સંગઠન અથવા સંસ્થા આવતા મહિનાની 21 તારીખ સુધીમાં વિચારણા માટે ડ્રાફ્ટ નિયમો પર વાંધો અથવા સૂચનો સબમિટ કરી શકે છે.**

# TCS SCANDAL

મહારાષ્ટ્રમાં, શહેરમાં TCS સુવિધા સાથે જોડાયેલા કથિત જાતીય શોષણ અને ધર્મ પરિવર્તનના પ્રયાસના કેસના સંદર્ભમાં નાસિકની કોર્ટમાં 1,500 પાનાની ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.

SIT ચીફ સંદીપ મિટકના જણાવ્યા અનુસાર, ગઈકાલે ચાર આરોપીઓ, મતીન પટેલ, નિદા ખાન, દાનિશ શેખ અને તૌસિફ અત્તાર સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે, ગુનાઓ સાથે જોડાયેલા સાતથી આઠ વ્યક્તિઓને લગતી વધારાની ચાર્જશીટ આગામી ત્રણથી ચાર દિવસમાં દાખલ થવાની અપેક્ષા છે.

# BANGLADESH PM TARIQ RAHMAN

બાંગ્લાદેશમાં ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્માએ ગઈકાલે બાંગ્લાદેશના પ્રધાનમંત્રી તારિક રહેમાનને વિદાય આપી હતી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર બાંગ્લાદેશમાં ભારતીય હાઈ કમિશન દ્વારા પોસ્ટ કરાયેલી માહિતી મુજબ, પ્રધાનમંત્રીએ ભારત-બાંગ્લાદેશ સંબંધોને મજબૂત બનાવવામાં યોગદાન આપવા બદલ શ્રી વર્માનો આભાર માન્યો હતો અને તેમની આગામી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

બેઠક દરમિયાન, હાઈ કમિશનર વર્માએ બંને દેશોના લોકોના પરસ્પર લાભ અને સહિયારી સમૃદ્ધિ માટે બાંગ્લાદેશ સાથે બહુપક્ષીય જોડાણને વધુ ગાઢ બનાવવાની ભારતની ઇચ્છાને પુનઃપુષ્ટિ કરી હતી. ભારતીય મિશનએ જણાવ્યું હતું

કે, બંને પક્ષોએ ભારત અને બાંગ્લાદેશની વિકાસ પ્રાથમિકતાઓ સાથે સંલગ્ન સહકારના સંભવિત ક્ષેત્રો પર પણ ટૂંકમાં ચર્ચા કરી હતી.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, ગઈકાલે બે મેચ રમાઇ હતી. ગત રાત્રે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે દિલ્હી કેપિટલ્સે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ને 40 રનથી હરાવ્યું. દિલ્હી કેપિટલ્સે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ને જીતવા માટે 204 રનનો લક્ષ્યાંક આપ્યો. જવાબમાં KKR 18.4 ઓવરમાં માત્ર 163 રન જ બનાવી શક્યું.

બેટિંગમાં ઉતરતા, દિલ્હી કેપિટલ્સે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 203 રન બનાવ્યા. અગાઉ કોલકાતા નાઈટ રાઈડર્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. કુલદીપ યાદવને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

જ્યારે ગઇકાલે બપોરે વાનખેડે સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સે યજમાન મુંબઈ ઈન્ડિયન્સને 30 રનથી હરાવ્યું. બેટિંગમાં ઉતરતા, રાજસ્થાન રોયલ્સે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને 205 રન બનાવ્યા. જવાબમાં, 206 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, મુંબઈ ઈન્ડિયન્સે નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 175 રન બનાવ્યા.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

1. આજના મોટાભાગના અખબારોમાં ઈરાન – અમેરિકા યુદ્ધ અંગેના સમાચાર હેડલાઇનમાં વાંચવા મળી રહ્યા છે.
2. સંદેશની હેડલાઇન છે – ઈરાન યુદ્ધનો અંત નજીક, હોર્મુઝ સ્ટ્રેટ ખૂલશે.
3. નવગુજરાત સમય લખે છે – ડીલનો તખ્તો તૈયાર, અમેરિકા – ઈરાન યુદ્ધનો અંત નજીક
4. દિવ્ય ભાસ્કર લખે છે – ડીલ પર વાટાઘાટો અંતિમ તબક્કામાં:ટ્રમ્પ, હોર્મુઝ પુન:સ્થાપન 30 દિવસ પછી:ઈરાન